**તારીખ : 29/10/2018** **વિષય : સામાજિક વિજ્ઞાન** **ગુણ : 80**
**વાર : સોમવાર** **ધોરણ : 6 (પ્રથમ સત્ર)** **સમય : 2:00 થી 5:00**

---

પ્રશ્ન-1 આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો. 16

1. પથ્થર ઉપર કોતરીને લખાયેલા લેખને શું કહેવાય છે. ?
   (A) તામ્રપત્ર (B) શિલાલેખ (C) ભોજપત્ર (D) તામ્રલેખ
2. નકશામાં ઊંચાઇ દર્શાવવા કયો રંગ વપરાય છે. ?
   (A) લાલ (A) કથ્થઇ (A) પીળો (A) વાદળી
3. નીચેનામાંથી સંસ્કારિતાની તથા વ્યક્તિત્વ ઘડતરની ઉત્તમ શાળા કોને કહે છે ? ;
   (A) પંચાયત (B) સરકાર (C) કુટુંબ (D) દેશ
4. નર્મદા ખીણ પ્રદેશમાં નીચેનામાંથી કઇ ગુફા આવેલી છે ?
   (A) ભીમબેટકા (B) ઇલોરા (C) એલિફન્ટા (D) અજન્તા
5. પૃથ્વી પર કેટલા ખંડો આવેલા છે ?
   (A) સાત (B) છ (C) ચાર (D) પાંચ
6. માનવજીવન દ્વારા પાલતુ બનાવાયેલ સૌપ્રથમ પ્રાણી કયું છે ?
   (A) કૂતરો (B) બકરી (C) ગાય (D) ઘોડો
7. નીચેનામાંથી ગુજરાતના કયા જિલ્લામાંથી કર્કવૃત પસાર થતું નથી ?
   (A) કચ્છ (B) રાજકોટ (C) સાબરકાંઠા (D) મહેસાણા
8. ગુજરાતમાં ગરબા, મહારાષ્ટ્રમાં લાવણી, પંજાબમાં ભાંગડા તો રાજસ્થાનમાં કયું નૃત્ય જાણીતું છે ?
   (A) ભરતનાટ્યમ્ (B) ઘુમ્મર (C) કથકલી (D) રાસ
9. ગુજરાતમાં "સિંધુખીણની સંસ્કૃતિ" ના અવશેષો નીચેનામાંથી કયાં સ્થળોએથી મળી આવ્યા છે ?
   (A) રંગપુર (B) રોઝડી (C) ધોળાવીરા (D) આપેલ તમામ
10. પ્રાચીન સમયનો ઇતિહાસ જાણવાવાળી વ્યક્તિને કયા નામથી ઓળખવામાં આવે છે ?
    (A) ખગોળશાસ્ત્રી (B) પુરાતત્વવિદ્ (C) ભાષાવિદ્ (D) કૃષિશાસ્ત્રી
11. નકશામાં ⦿ની સંજ્ઞા શું દર્શાવે છે ?
    (A) દેશની રાજધાની (B) નદી (C) પર્વત (D) તળાવ



Scanned by CamScanner

12. દેશનો કોઇપણ પુરૂષ કે સ્ત્રી દેશદરોહ જેવો ગભીર ગુનો કરે તો નાગરિકતા પર શી અસર થાય છે ?

(A) કઇ ફેર નહિ પડે (B) નાગરિકતવ ગુમાવે છે

(C) નાગરિકતવ ફરીથી મેળવી શકાય છે. (D) એકપણ નહી

13. નીચેનામાંથી કયા સ્થળે લધુ પાષાણયુગના પ્રાણીઓનાં હાડકાંના ઢગલા અને દટાયેલા મૃતદેહો મળી આવ્યા છે ?

(A) લાંઘણજ (B) આખજ (C) અમરાપુર (D) આપેલ તમામ

14. સૌથી વધારે પ્રકાશ અને ગરમી મેળવતા પૃથ્વીના ભાગને શું કહે છે. ?

(A) શીત કટિબંધ (B) ઉષ્ણ કટિબંધ (C) સમશીતોષણ કટિબંધ (D) અયન કટિબંધ

15. માનવજીવન દ્વારા ખેતી માટે પસંદ કરવામાં આવેલ સૌપ્રથમ પાક કયો હતો ?

(A) ઘઉં (B) જવ (C) A અને B બંન (D) બટેટા

16. સિંધુખીણ નગર આયોજનમાં ગંદા પાણીના નિકાલ માટે શેની વ્યવસ્થા હતી ?

(A) મોરી (B) કૂવો (C) શેરી (D) શૌચાલય

**પ્રશ્ન-2(A) ખાલી જગ્યા પૂરો** 05

1. તાડપત્રો અને ભોજપત્રોની અમુક લિપિઓ.................... દ્વારા નાશ પામી છે.
2. ચૂંટણીઓમાં મતદાન માટે આપવામાં આવતું ચૂંટણી ઓળખપત્ર ....................પંચ દ્વારા આપવામાં આવે છે.
3. અન્નનો ઉત્પાદક તબક્કો બીજા ......................નામથી ઓળખાય છે.
4. પ્રાચીન સમયમાં જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા ગુફા અને .................. નો સહારો લેતા.
5. ગુજરાતની વાયવ્ય સીમાએ ................ દેશ આવેલો છે.

**(B) મને ઓળખો** 05

1. હું તાંબાના પતરા પર કોતરીને લખાયેલ લેખ છું.
2. હું ભૂર્જ વૃક્ષની પાતળી છાલ છું જેના પર પ્રાચીન સમયમાં ગ્રંથો લખાતા.
3. મારો ઉપયોગ નકશામાં વનસ્પતિ અને જંગલ દર્શાવવા થાય છે.
4. હું સિંધુખીણની સંસ્કૃતિનું ગૌરવ લઇ શકાય તેવું વિશિષ્ટ લક્ષણ છું.
5. હું બાળકના સંપર્કમાં આવનારી પ્રથમ સામાજિક સંસ્થા છું.

**(C) યોગ્ય જોડકાં જોડો** 05

| (અ) | (બ) |
|---|---|
| 1. હોકાયંત્ર | A. વિષુવવૃત્ત |
| 2. 0° અક્ષાંશવૃત | B. દિશાદર્શક |
| 3. રોઝડી | C. અતિશય ગરમી |
| 4. શીત કટિબંધ | D. ગોંડલ |
| 5. ઉષ્ણ કટિબંધ | E. લીમડી |
| | F. અતિશય ઠંડી |



Scanned by CamScanner

(D) વર્ગીકરણ કરો 04

(ગુજરાતી, મરાઠી, નવરાત્રી, ગણેશચતુર્થી, બંગાળી, હોળી, હિન્દી, દુર્ગાપૂજા)

| રાજ્ય | ભાષા | તહેવાર |
|---|---|---|
| ગુજરાત | | |
| રાજસ્થાન | | |
| મહારાષ્ટ્ર | | |
| પશ્ચિમ બંગાળ | | |

(E) નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. 05

1. મૂર્તિ અને ઓજારોના આધારે ઇતિહાસ જાણી શકાય છે.
2. નકશાની જમણી બાજુ ઉપરના ભાગે ઉ↑નિશાન હોય છે.
3. બંધારણમાં નાગરિકની મૂળભૂત ફરજોનો ઉલ્લેખ છે.
4. આદિમાનવ લોખંડનાં ઓજારોનો ઉપયોગ કરતો હતો.
5. સિંધુખીણની સંસ્કૃતિના નગરોના રસ્તા વ્યવસ્થિત ન હતા.

પ્રશ્ન-3(A) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યોમાં આપો. (કોઇપણ ચાર) 04

1. પકવેલી માટીને શું કહે છે ?
2. નકશાના પ્રકાર જણાવો.
3. પૃથ્વી પર કુલ કેટલા મહાસાગરો આવેલા છે ?
4. તમે રહો છો એ જિલ્લાનું નામ લખો.
5. મેહરગઢમાંથી પુરાતત્વવિદોને શેના અવશેષો મળી આવ્યા ?

(B) સંકલ્પના સમજાવો (કોઇપણ ત્રણ) 06

1. ભૂપૃષ્ઠ
2. અભિલેખાગાર
3. નકશો
4. નાગરિકતા

(ક) નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં આપો. (કોઇપણ ત્રણ) 09

1. ઇતિહાસ જાણવાના સ્ત્રોતો કયા-કયા છે ?
2. અક્ષાંશવૃત્ત અને રેખાંશવૃત્ત એટલે શું ?
3. કચ્છના રણની મુખ્ય વિશેષતા કઇ છે ?
4. હડપ્પીય સંસ્કૃતિના લોકોનું સમાજજીવન જણાવો.



Scanned by CamScanner

પ્રશ્ન-4 નીચેનાં વિધાનો માટે કારણો આપો. (કોઇપણ ત્રણ) 09

(અ) 1. નકશામાં ચોક્કસ રૂઢ સંજ્ઞાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

2. આદિમાનવ શરૂઆતમાં ભટકતું જીવન જીવતો.

3. ફળદ્રુપ મેદાન પ્રદેશમાં વસ્તી વધારે હોય છે.

4. ભારતમાં વિવિધતામાં એકતા જોવા મળે છે.

(બ) ટૂંક નોંધ લખો (કોઇપણ બે) 08

1. ભારતનું નાગરિકત્વ મેળવવાની રીતો

2. ગુજરાતનું ભૂપૃષ્ઠ

3. સિંધુ ખીણની સંસ્કૃતિનાં મકાનો

પ્રશ્ન-5 ગુજરાતના રેખાંકિત નકશામાં નીચે આપેલાં સ્થળો દર્શાવો. 04

1. કર્કવૃત

2. અરબ સાગર

3. સુરેન્દ્રનગર જિલ્લો

4. કચ્છનું મોટું રણ



Scanned by CamScanner